‘સન્ડે ઈ.મહેફીલ’ના વહાલા વાચકો,

દીવસે દીવસે નવી ‘સ.મ.’ મુકાયાની જાણ કરવાનું અને તે સાથે તેની પીડીએફ અટૅચ કરીને સૌને મોકલવાનું કામ, અમારે માટે હવે દુષ્કર બનતું જાય છે. ઘણા બધાને આ મેલ ‘સ્પામ’ ફોલ્ડરમાં જાય છે–ને તે વળી, ન ખોલવાની સુચના સાથે! આમ, અમારી સૌની પાંચ–છ દીવસની મહેનત પાણીમાં જાય છે..

‘સ.મ.’ના સમ્પાદકમંડળે આ બાબતે પુરો વીચાર કરી તેના ઉકેલ માટે, ફેસબુકનો આશરો લેવા નક્કી કર્યું. તે મુજબ અમે ‘સન્ડે ઈ.મહેફીલ’નું આ

**https://www.facebook.com/sundayemehfil.uttamgajjar**

નામે નવું પાન બનાવી તેની ઉપર દર પંદર દીવસે ‘સ.મ.’ મુકવાનું નક્કી કર્યું. છેલ્લી બે ‘સ.મ.’ ત્યાં મુકી પણ છે.

સૌ વાચકોને વીનંતી કે આ પાનની મુલાકાત લઈ અમને ‘ફ્રેન્ડ્સ રીક્વેસ્ટ’ મોકલજો અને અમારી સાથે જોડાજો. આજે ૪૦૦ જેટલા વાચકમીત્રો તો બન્યા છે.

આપ સૌના અનુભવો અને સુચનો જાણવા અમે આતુર રહીશું.

સમ્પાદકો : ‘સન્ડે ઈ.મહેફીલ’ 2019-07-15

## અને હવે વાંચો એક મઝેની સત્યઘટનાત્મક વાર્તા :

# ‘જ્યોત સે જ્યોત જલે’

## – કાલીદાસ વ. પટેલ

ઓસ્ટ્રેલીયાના મૅલબૉર્નની ધમધમતી ફ્લીન્ડર્સ સ્ટ્રીટને નાકે આવેલા વૈભવશાળી આલીશાન મોલમાં અમદાવાદથી ઉચ્ચ અભ્યાસાર્થે ગયેલો અમીત પટેલ પાર્ટટાઈમમાં કાઉન્ટર પર કામ કરે છે.

અમીત પટેલ કાઉન્ટર પર આવતા ગ્રાહકોનાં બીલ ફટાફટ બનાવે છે તથા પૈસા ગણીને સસ્મીત ચહેરે ગ્રાહકોનો આભાર માની બીલ તથા પૅક સામાન આપે છે. પાર્ટ ટાઈમમાં કામ કરીને ભણવાની મોંઘી ફી અને રહેવા–જમવાનો ખર્ચ એ પોતે કાઢે છે.

મોલના મુખ્ય પ્રવેશદ્વારથી એક દુબળો–પાતળો, ગમગીન ચહેરે એક ગુજરાતી યુવાન પ્રવેશે છે. તે ખુબ જ દુ:ખી લાગે છે. તેને અંગત કામ માટે વતનમાં ફૅક્સ કરવો છે; પરન્તુ ફૅક્સ કરવાનો વીધી તથા કેટલો ખર્ચ થશે તે જાણતો નથી. અરે, ખીસ્સામાં પુરતા પૈસા પણ નથી! તે અમીત સામે મીટ માંડીને, તે નવરો પડે તેની રાહ જોઈને એક ખુણામાં ઉભો છે. ગ્રાહકોથી વીંટળાયેલા અમીતનું ધ્યાન તેની તરફ જાય છે અને ચબરાક અમીત બધું સમજી જાય છે. ગ્રાહકોને પ્રેમથી પતાવીને તે જુવાન તરફ વળે છે. તેને સસ્મીત વદને આવકારતાં પ્રેમથી બોલે છે : 'બ્રધર બોલો, શી સેવા કરું, આપની?'

બહુ દીવસે પોતાને કોઈએ ગુજરાતીમાં સંબોધ્યો અને તે પણ એક મોટા ભાઈના વાત્સલ્યભાવથી, તેથી એ જુવાન ભાવવીભોર થઈ ગયો! મહાપરાણે રોકેલો અશ્રુબન્ધ તુટી ગયો. બોલી જ ન શકાયું. બસ, રડતો જ રહ્યો! ચાલાક અમીત બધું સમજી ગયો. પ્રેમથી તેને બરડે હાથ પસવારતાં બોલ્યો : 'નપાસ થયો છે ને? શું રડે એમાં આમ છોકરીની જેમ? ચાલ, હસ જોઉં!

મહાપરાણે, આંસુ લુંછતો જુવાન ફીક્કું હસ્યો. બધી વ્યથા હવે મોં વાટે ટપકવા લાગી : 'નપાસ નહીં, બધાય વીષયોમાં ફુલ્લી નપાસ થયો છું. ફરીથી ભણવું પડશે અને બધી ફી પણ ફરીથી ભરવી પડશે! મોડાસાના ગરીબ નાઈનો દીકરો છું. નાનકડી નાઈની દુકાન છે અમારી, મોડાસામાં. માંડ ઘર ચાલે છે, ત્યાં ફીના અઢાર લાખ રુપીયા કાઢવા ક્યાંથી? હવે, ઈન્ડીયા પાછો પણ શું મોઢું લઈને જાઉં? ગરીબ–પ્રેમાળ પપ્પાએ ઉધાર–ઉછીના કરીને–દેવું કરીને, મારી જીદ સામે ઝુકી જઈને, મને ભણવા મોકલ્યો છે.

'મારે ઘરે ફૅક્સ કરવો છે રુપીયા મંગાવવા; પરન્તુ તે ફૅક્સ કરવાના ફદીયાં પણ મારી પાસે નથી! અહીં હું બહુ મથ્યો પાર્ટ ટાઈમ નોકરી કરવા; પરન્તુ અંગ્રેજી હજી બરાબર આવડતું નથી તથા અહીંના ગોરા લોકોના ઉચ્ચાર પણ એવા જુદા જ છે કે કશું સમજાતું નથી. જ્યાં કૉમ્યુનીકેશનમાં જ પ્રોબ્લેમ હોય, ત્યાં નોકરી ક્યાંથી મળે? વળી, હું બહુ ભણેલો નથી. જેમ તેમ કરીને ધોરણ બાર પાસ કર્યું. દેખાદેખીમાં

એજન્ટની મદદથી 'કુકરી'(રસોઈકળા)માં એડમીશન મળી ગયું અને મોટે ઉપાડે દેવું કરીને આવી ગયો. અહીં બધું કમ્પ્યુટરથી ચાલે છે અને મને કમ્પ્યુટરનો 'ક' નથી આવડતો. પછી નોકરી ક્યાંથી મળે? મજુરી જેવા કામ માટે જાઉં છું તો મારા શરીરનો માંયકાંગલો બાંધો જોઈને જ તરત ના પાડી દે છે!'

અમીતનો પ્રેમાળ હાથ હજી પણ તેનો બરડો પસવારતો હતો. તેણે હીમ્મત બંધાવતાં કહ્યું : 'અરે, એમાં ગભરાઈ જવાનું? બધું નવું હોય, ઘર યાદ આવતું હોય, ત્યારે આવું લાગે તે સાવ સ્વાભાવીક છે. જ્યારે અમે નવા આવેલા ત્યારે અમે પણ બાથરુમમાં જઈને છાને ખુણે રડેલા!'

અમીતે તેના વતી મોડાસા ફેક્સ કરી દીધો અને પૈસા પણ જાતે જ ચુકવી દીધા. પછી પ્રેમથી તે જુવાનને જણાવ્યું : 'મારું નામ અમીત પટેલ. અમદાવાદથી અહીં ભણવા આવ્યો છું. પરીક્ષા પતી ગઈ છે અને સદનસીબે હું પાસ પણ થઈ ગયો છું. પી.આર.ની ફાઈલ મુકી છે. હાલ તો જૉબ કરું છું. તારું નામ શું, ભઈલા?'

'કનુભાઈ લીમ્બાચીયા મારું નામ. મોડાસામાં વૃદ્ધ પીતા નાયીની દુકાન ચલાવે. માંડ ગુજરાન ચાલે. ફરીથી ફી ભરી શકાય તેમ નથી. અહીં ક્યાંક કશુંક કામ મળી જાય તો.... નહીંતર પરત ઈન્ડીયા જવું જ પડશે.'

ચબરાક અમીતના મનમાં ઝબકારો થયો. તેણે વીચાર્યું, નાયીનો દીકરો છે તો નાયીનું કામ પણ તો જાણતો જ હશે ને! અહીં 'હેર–ડ્રેસર' શોધ્યાય જડતા નથી. તેણે પ્રેમથી કનુને પુછ્યું, 'તને હેર ડ્રેસર તરીકેનું કામ મળે તો? વળતર પણ સારું મળે!'

કનુ ઉત્સાહથી બોલ્યો :'હા, હા, તે તો અમારો ખાનદાની ધંધો છે. મને સરસ ફાવે. હું એકદમ તૈયાર જ છું.'

અને અમીતે જ્યાં પોતે નીયમીત વાળ કપાવતો હતો તે મોટી દુકાનમાં કનુભાઈને ગોઠવી દીધો. બસ, કારીગરીનું જ કામ ને? ક્યાં અંગ્રેજી ઝાઝું બોલવું પડે કે ન ફાવે?

પાછો બાપદાદાનો વારસાઈ ધંધો! કનુભાઈ તો જબરા ગોઠવાઈ ગયા! આજની ઘડી ને કાલનો દીવસ !

વર્ષો વીતી ગયાં આ વાતને. અમીતને પી.આર. પણ મળી ગયો. ઓસ્ટ્રેલીયાની ટેલીકૉમ્યુનીકેશનની માસ્ટર ડીગ્રીને લીધે એકદમ સેટલ થઈ ગયો.

એક દીવસે મોબાઈલ ટેલીફોનના, કવરેજની મોજણી કરવા ઓફીસર અમીત, પોતાની મોજણી ટીમ સાથે સીટીમાં ફરતો હતો ત્યારે એક સુન્દર વૈભવશાળી દુકાનમાંથી કોઈએ તેના નામની બુમ પાડી. તેને નવાઈ લાગી! તેણે દુકાનને ધારીને જોઈ તો ઉપર સુન્દર મઝેનું બોર્ડ હતું : ‘ઈન્ડીયન હેર ડ્રેસર’.

તેને લાગ્યું કે કોઈ ભાઈબન્ધ ત્યાં વાળ કપાવવા આવ્યો હશે અને તેને જોઈને બોલાવતો હશે. તે દુકાનની અન્દર ગયો. વૈભવી ઠાઠવાળી, પાંચ ખુરશીવાળી, હેર ડ્રેસીંગની મઝાની એર કન્ડીશન્ડ દુકાન જોઈ અમીત ખુશ થઈ ગયો. અમીત હજી કંઈ જુએ, વીચારે તે પહેલાં તો, ફેશનેબલ કપડાંમાં સજ્જ એક યુવાન તેના પગમાં પડી તેની ચરણરજ લેતો હતો! અમીત ઓળખી જ ન શક્યો એ જુવાનને. સુન્દર તન્દુરસ્ત શરીર અને એકદમ લેટેસ્ટ ફેશનનાં ઉત્તમ કપડાં!

જુવાને જ ઓળખાણ આપી : ‘ન ઓળખ્યો મને અમીતભાઈ? હું કનુભાઈ લીમ્બાચીયા. મોડાસાનો. તમારે ત્યાં ફેક્સ કરવા આવ્યો હતો!’

અમીતને તરત ટ્યુબ લાઈટ થઈ : ‘અરે, કનુભાઈ તમે? કેમ છો? તમે નોકરી બદલી કે શું આ નવી દુકાનમાં?’

‘ના, અમીતભાઈ, આપની કૃપાથી આ મારી પોતાની દુકાન હું ચલાવું છું. પાંચ ખુરશીની દુકાન ધમધોકાર ચાલે છે.’

અમીત આભો બની ગયો! તેને બધું યાદ આવી ગયું. ‘પુરુષાર્થ કરનાર કદી નીરાશ થતો નથી’ તે સત્ય તેની નજર સમક્ષ ઝગારા મારતું હતું. તેણે કનુનો ખભો થાબડ્યો : ‘શાબાશ દોસ્ત! મને તારા પર ગર્વ છે.’

બન્ને જણા પ્રેમથી વાતે વળગ્યા. વાતવાતમાં અમીતની નજર દુકાનના પ્રવેશદ્વારના કાચ પર પડી. મોટા સુન્દર અક્ષરે ગુજરાતીમાં લખ્યું હતું : 'ઈન્ડીયન સ્ટુડન્ટ્સને જૉબ મળશે : રુબરુ મળો.'

'કનુભાઈ, તમે વળી ક્યારથી આ એમ્પ્લૉયમેન્ટ એક્સચેન્જ ખોલ્યું?'

ખુબ જ ગમ્ભીરતાથી કનુ બોલ્યો : 'હા, અમીતભાઈ, આ મારી દુકાન ઈન્ડીયાના સ્ટુડન્ટ્સ માટે એમ્પ્લૉયમેન્ટ એક્સચેન્જ કરતાં પણ વધારે છે. હું કોઈ પણ વીદ્યાર્થીને કામ અપાવવાનો પુરેપુરો પ્રયત્ન કરું છું. મારી દુકાનમાં જ પંદર છોકરા કામ કરે છે. તથા જેને કામ જોઈતું હોય તે સામેના પાટીયા પર પોતાનું નામ અને મોબાઈલ નંબર લખી જાય છે. જ્યારે કામ મળે ત્યારે હું અચુક તેઓને ફોન કરું છું અને તેમને બોલાવીને, જેણે કામ આપવું હોય તેનો મેળાપ કરાવી દઉં છું. હવે તો, જેને કામ આપવું છે કે પાર્ટ ટાઈમ માણસની જરુર છે, તેવા માલીકો મારે ત્યાં નામ, કામ તથા મોબાઈલ નંબર લખાવી જાય છે. હું તો બન્નેને જોડી આપતી એક 'કડી' માત્ર છું. આ સંસ્કાર તો તમે જ મને આપ્યા હતા ને?'

અમીત અનીમેષ નયને જોઈ રહ્યો, કનુભાઈને.. તેનું મન વીચારતું હતું –

'જ્યોત સે જ્યોત જલે...'

–કાલીદાસ પટેલ

લેખક સમ્પર્ક :

શ્રી કાલીદાસ પટેલ,

46– શાકુન્તલ બંગ્લોઝ, સોલા રોડ, અમદાવાદ–380061 ફોન : 079-2749 5049

ફેબ્રુઆરી, 2016ના 'અખંડ આનન્દ'ના અંકનાં પાન : 39, 40, 41 ઉપરથી, એમના અને 'અખંડ આનન્દ'ના સૌજન્યથી સાભાર..

‘અખંડ આનન્દ’ના જુના અંકો મેળવી આપવા બદલ કામરેજના ‘ડૉ. બળદેવ ભક્ત’નો ખુબ આભાર.. ..ઉ.મ..

♦●♦

‘સન્ડે ઈ.મહેફીલ’ – વર્ષ: પંદરમું – અંક: 431 –July 28, 2019

‘ઉંઝાજોડણી’માં અક્ષરાંકન: ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com

@@@@@

આ સત્યઘટનાત્મક વાર્તા જો તમને ગમી હોય તો તમારા મીત્રોને પ્રેમથી ફોરવર્ડ કરજો

અને

ગુજરાતી ભાષાની આવી, સર્જાયેલી અને સર્જાતી પ્રશીષ્ટ–જીવનપોષક કૃતીઓ વાંચવાનો શોખ અને અવકાશ હોય તો, તમારું નામ, આઈડી, સરનામું, કૉન્ટેક્ટ નંબર.. વગેરે માહીતી લખી અમને ઈ.મેલ લખજો..

તમને પણ અમારી આ ‘સન્ડે ઈ.મહેફીલ’, દર પંદર દીવસે એક મેલ સાથે આમ, પીડીએફરુપે મળતી રહેશે..

અને

તમે જો ફેસબુક જોતા હો તો

https://www.facebook.com/sundayemehfil.uttamgajjar

આ ‘સન્ડે ઈ.મહેફીલ’નું પાનું છે. જરુર જોજો ને ફ્રેન્ડ્સ રીક્વેસ્ટ મોકલજો..

–ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com અને

–મૈત્રી શાહ - maitri@gujaratilexicon.com

@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,64,75,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 1,31,40,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 10,87,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 13,14,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@